તા. ૨૦.૦૫.૨૦૨૫

દિવ્ય ભાસ્કર (ગાંધીનગર આવૃત્તિ), પાના નં. ૦૪

# કેબલ ચોરનુ રી-કંન્ટ્રક્શન : કેબલ કાપી કલોલ ગયા, અડધી રાતે કોપર અલગ કર્યુ

## બે આરોપી ટ્રેક ઉપર ચડ્યા, અન્ય લોકોએ કેબલના ગુંચળા વાળી વાહનમાં નાખવાનુ કામ કર્યુ

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર



ગાંધીનગરના કોબા મેટ્રો સ્ટેશન ઉપરથી એક સપ્તાહ પહેલા 17 લાખની કિંમતના કેબલ ચોરાયા હતા. પોલીસે આરોપીઓને પકડ્યા બાદ રિમાંગ માંગતા 5 દિવસના કોર્ટે રિમાંડ મંજૂર કર્યા છે. ત્યારે રિમાંડ પહેલા દિવસે પોલીસે આરોપીઓની રી-કંન્ટ્રક્શન કર્યુ હતુ. જેમાં બે આરોપીઓ કટર લઈ ટ્રેક ઉપર ચડ્યા હતા અને બાકીના લોકોએ નીચે પડેલા કેબલના ગુંચડા બનાવી વાહનમાં નાખ્યા હતા અને કલોલ જઈ કોપર અલગ કર્યુ હોવાનુ સામે આવ્યુ હતુ.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ગાંધીનગરના જૂના કોબા મેટ્રો ટ્રેક ઉપરથી 17 લાખથી વધુની કિંમતના કેબલ વાયર ચોરાયા હતા. જેમાં એલસીબી પોલીસે 4 આરોપીઓને પકલી લીધા છે, જ્યારે પોલીસે ગત રોજ રવિવારે આરોપીઓને કોર્ટમાં રજૂ કરતા 5 દિવસના પોલીસ રિમાંડ મંજૂર કરવામાં આવ્યા છે. આજે સોમવારે ઈન્ફોસિટી પોલીસ મથકના પીઆઈ વી.આર.ખેર, રતનસિંહ સહિતની ટીમ આરોપી મુશરફ ઈરશાદ મુલેજાટ, રાશીદ ઈશાક ઈસ્માઈલ ધોબીને લઈ રી-કન્ટ્રક્શન કર્યુ હતુ.

બંને આરોપીઓએ ઝાડ ઉપર ચડીને કટરથી કેબલ કાપ્યા હતા. જેથી પોલીસે બંને આરોપીને જૂના કોબાના મેટ્રો સ્ટેશન ઉપર લઈ ગઈ હતી અને કેવી રીતે ચોરીને અંજામ આપવામાં આવ્યો તેનની જાણકારી મેળવી હતી. ત્યારબાદ આરોપીઓ રાશીદ અબ્દુલઅઝીઝ શબ્બીર અંસારી અને ઈરશાદ મજીદ અલ્લામેહર મલીક સહિતના લોકો કેબલને કલોલમાં ભાડે રાખવામાં આવેલા મકાનમાં લઈ ગઈ હતી અને ત્યા જઈને કોપર અલગ કરવામાં આવ્યુ હતુ. આરોપીઓ દ્વારા બે કલાકમાં 17 લાખના કેબલની ચોરી કરી લેવામાં આવી હતી. ઉલ્લેખનિય છેકે, ચાર આરોપીઓની સાથે અન્ય 7 સહિત 11 આરોપીઓએ ભેગા મળીને ચોરીને અંજામ આપ્યો હતો. પોલીસે કલોલનુ મકાન ભાડે આપનાર મકાન માલિકને પણ પૂછપરછ માટે બોલાવ્યો છે.